ક્માંક/માધ્ય/પરચ/૨૦૧૮/૨૯૯૬૩-૨૯૯
કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૨૯/૦૮/૨૦૧૮

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય : સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ-૨૦૧૮ બાબત
સંદર્ભ : શિક્ષણ વિભાગનો તારીખ ૨૬/૦૭/૨૦૧૮ નો પત્ર

ઉપરોક્ત વિષય પરત્વે , ગ્રામ વિકાસ વિભાગ , ગુજરાત સરકાર, તા.૨૩/૦૭/૨૦૧૮ નો પત્ર શિક્ષણ વિભાગ દ્વારા અત્રેની કચેરીને મળેલ છે જે અન્વયે જણાવવાનું કે , ભારત સરકારના પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય દ્વારા તા.૦૧/૦૮/૨૦૧૮ થી તા.૩૧/૦૮/૨૦૧૮ દરમ્યાન સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ-૨૦૧૮ નું આયોજન હાથ ધરવામાં આવનાર છે , જે મુજબ પત્રમાં જણાવ્યા અનુસાર નિયમાનુસારની કાર્યવાહી કરવા સંબંધિતોને સુચના આપવા વિનંતી છે .

મદદનીશ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

ક્માંક /મા.શિ.૩/૫૨૫૩૫-૫૨૦૩૪
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૨૭-૮-૨૦૧૮

૦૨/- નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

જીલ્લા શિક્ષણાધિકારી વતી
બનાસકાંઠા, પાલનપુર.

પ્રતિ,
આચાર્ય શ્રી,
સરકારી/બિનસરકારી/નોનગ્રાન્ટેડ
શાળાઓ તમામ.

# સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ -૨૦૧૮

## ૧) પહેલીવાર થશે ગ્રામીણ આરોગ્ય સર્વેક્ષણ જેમાં અપાશે રાજ્ય અને જિલ્લાને પ્રથમ ક્રમાંક :-

પેય જળ અને સ્વચ્છતા મંત્રાલય દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ-૨૦૧૮ હાથ ધરાવવાનું છે. આ કામ સ્વતંત્ર સંસ્થા દ્વારા થશે. ગામના સંખ્યાત્મક અને ગુણાત્મક મૂલ્યાંકન દ્વારા દેશના ઉત્તમ રાજ્યો અને રાજ્યના ઉત્તમ જીલ્લાઓ નક્કી થશે. સર્વેક્ષણમાં નાગરીક સમાજનો આધાર લેવાશે. સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ની આંકડાકીય વિગતો પણ ધ્યાને લેવાશે.તેના ઉપયોગથી કાર્યક્રમમાં સુધારા અંગેની ભલામણો ઘડાશે. તા.૨ જી ઓક્ટોબર-૨૦૧૮ના રોજ અવ્વલ નંબરે આવેલા રાજ્યો અને જિલ્લાને એવોર્ડ આપશે.

**ઉદ્દેશો :-**

- સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ના મહત્વના ધારાધોરણોને લઈને જીલ્લાઓમાં કેવી કામગીરી થઈ છે. તેના આધારે ઉતમ જીલ્લાઓ અને ઉત્તમ રાજ્યો પસંદ કરવા.
- માહિતી, શિક્ષણ અને પ્રસારની વ્યાપક અને ઘનિષ્ઠ ઝુંબેશ દ્વારા ગ્રામીણ સમુદાયને પોતાની સ્વચ્છતાની સ્થિતિ સુધારવામાં સામેલ કરવા.
- સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)ના ધોરણે રાજ્યકક્ષાએ જિલ્લાઓની અને રાષ્ટ્રકક્ષાએ રાજયોની સરખામણી કરવી.
- ગામો કેટલા સ્વચ્છ છે તે નક્કી કરવા શાળોઓ, આંગણવાડીઓ, જાહેર આરોગ્ય કેન્દ્રો, હાટ અને બજારો, ધાર્મિક સ્થળો જેવા સાર્વજનિક સ્થળોના આધારે વાસ્તવિક સ્થિતિ નક્કી કરવી.
- ગ્રામ પંચાયતો અને નાગરિકો પોતાના પ્રતિભાવો આપે અને તે દ્વારા કાર્યક્રમમાં સુધારા થાય તે હેતુથી તેમણે પણ જોડાવા.

## ૨) ઉત્તમ જિલ્લાઓ પસંદ કરવાની રીત :-

અ) અત્યાર સુધી કેવું કામ થયું છે? સાર્વજનિક સ્થળોની સ્થિતિ કેવી છે? નાગરિક પ્રતિભાવો કેવા છે? એ બધાનો આધાર લેવાશે. અલગ-અલગ બાબતો ઉપર કેટલો ભાર મૂકવો તેનું પ્રમાણ નીચે મુજબ રહેશે.

- અત્યાર સુધી વિવિધ કાર્યક્રમોને કારણે સ્વચ્છતામાં થયેલ પ્રગતિ (૩૫%)
- વાસ્તવિક નિરીક્ષણ સાર્વજનિક સ્થળોએ જોવા મળેલ સ્વચ્છતા (૩૦%)
- નાગરિકો અને ગામની મહત્વની વ્યક્તિઓ સ્વચ્છતા બાબતે કેવો ખ્યાલ ધરાવે છે તે (૩૫%)

બ) MIS મારફત મળેલો અત્યાર સુધીના કામનો પ્રગતિ અહેવાલ




Scanned with CamScanner

## •સાર્વજનિક સ્થળોનું વાસ્તવિક નિરીક્ષણ :-

સીધું નિરીક્ષણ (સ્થળનું સ્વતંત્ર નિરીક્ષણ અને વિગતનું એકત્રીકરણ)

સર્વે એજન્સીએ જે ભૌતિક નિરીક્ષણ કર્યું હશે તેના આધારે વિગતો એકઠી કરશે. આ માટે એક પ્રશ્નાવલીનો ઉપયોગ કરશે. સર્વે એજન્સી પોતાના તારણો નક્કી કરવા માટે ફોટા પાડશે. નકશાઓનો ઉપયોગ કરશે અને જરૂર જણાય તેવી અન્ય હાથ વપરાશી, ટેકનોલોજીનો પણ ઉપયોગ કરશે. આ બધાનો પધ્ધતિસરનો વિનિયોગ પુરાવારૂપે કરાશે.

૧) નિશાળો ૨) આંગણવાડીઓ ૩) જાહેર આરોગ્ય કેન્દ્ર ૪) હાટ અને બજાર ૫) ધાર્મિક સ્થળો

મુલ્યાંકન માપદંડ :-

- સ્વચ્છ ભારત (ગ્રામીણ) અંતર્ગત શૌચાલયોનું નિર્માણ
- આવા શૌચાલયોનો ઉપયોગ
- શૌચાલયોની સ્વચ્છતા
- ગમે ત્યાં વેરાયેલા કચરાની સ્થિતિ
- પાણીના ખાબોચિયાં

## ૪) નાગરિકોનો પ્રતિભાવ :-

સર્વેક્ષણ-૨૦૧૮માં નાગરિકોનો પ્રતિભાવ પણ ઘણો મહત્વનો છે. આ પ્રતિભાવો લોકો સાથેની સામૂહિક ખુલ્લી બેઠકો, વ્યક્તિગત મુલાકાતો, સામૂહિક ચર્ચા-વિચારણા અને ઓન લાઇન મળેલા પ્રતિભાવો દ્વારા એકઠા કરાશે.

| ગ્રામસભાઓ | સામાન્ય-નાગરિકોના પ્રતિભાવો | મહત્વના લોકોનાં પ્રતિભાવો |
| --- | --- | --- |
| • ગામની સામાન્ય સ્વચ્છતા<br>• ઘન કચરાના નિકાલની સલામત વ્યવસ્થા<br>• પ્રવાહી કચરાના નિકાલની સલામત વ્યવસ્થા<br>• ઘન અને પ્રવાહી કચરાના નિકાલની નવીન પધ્ધતિઓ | (સીધા અને ઓન લાઇનથી)<br>• આ સર્વેક્ષણ વિશેની જાણકારી<br>• અત્યાર સુધીના અમલીકરણથી એકંદર સંતોષ<br>• ઘન કચરાના સલામત નિકાલના પગલાં<br>• પ્રવાહી કચરાનાં નિકાલના પગલાં | • આ સર્વેક્ષણ વિશેની જાણકારી<br>• ગામમાં આ અંગેની માહિતી,શિક્ષણ અને પ્રસારની થયેલ કામગીરી.<br>• ઘન કચરાના વ્યવસ્થાની ગામમાં ઉપલબ્ધતા<br>• પ્રાવાહી કચરાની વ્યવસ્થાની ગામમાં ઉપલબ્ધતા |

## ૫) વ્યાપક પહોંચ :- સુગ્રથિત સંવાદનું આયોજન

પેય જળ અને સ્વચ્છતા મંત્રાલય આ સર્વેક્ષણને ગામલોકો સુધી પહોંચાડવા માંગે છે. સ્વચ્છ ભારત મિશનની માફક તેને જનઆંદોલન બનાવવા માગે છે. આનો લાભ મેળવનાર લોકોને સર્વેક્ષણમાં જોડવા માગે છે. તેમણે જોડીને મજબૂત ઝુંબેશ ઊભી કરવા માગે છે.